# THE VARACHHA CO-OP. BANK LTD.
## SURAT

# DIGITAL BANKING & CYBER SECURITY AWARENESS

## ડિજિટલ બેંકીંગ અને સાયબર સિક્યુરીટી
# જનજાગૃતિ માહિતી પુસ્તિકા



# "ડિજિટલ બેંકિંગ અને સાયબર સિક્યુરીટી"
## હવે જાણકારી અને સાવચેતી અનિવાર્ય છે.

માનવ ઈતિહાસમાં ક્યારેય કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે, એક સમયે લોકો માત્ર, આંગળીના ટેરવે પોતાનો ધંધો, વ્યાપાર અને બેંકિંગ વ્યવહાર કરતા હશે. આધુનિક ટેક્નોલોજીના આ યુગમાં જુની પેઢી અને નવી પેઢીના તમામ વ્યક્તિઓએ ટેક્નોલોજીનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. જે કોઈ સમય સાથે નહીં બદલાય તો સમય તેને બદલી નાંખશે તે સુનિશ્ચિત છે. દરેક વ્યક્તિએ પરિસ્થિતિ પ્રમાણે પોતાનામાં પરિવર્તન તો લાવવું જ પડશે. સતત નવું-નવું શીખતા રહેવું પડશે.

વરાછા કો-ઓપ. બેંક લિ., સુરત તરફથી ખાતેદારોને ડિજિટલ બેંકિંગની જાણકારી આપવા અને સાયબર ફ્રોડ થી ચેતવવા અને સાવચેતી માટે જાગૃત કરવા **"ડિજિટલ બેંકિંગ અને સાયબર સિક્યુરીટી જનજાગૃતિ પુસ્તિકા"** તૈયાર કરવામાં આવી છે. સામાન્ય વ્યક્તિને ડિજિટલ બેંકિંગ માટે મનમાં ઊભા થતા આશરે ૧૦૦ થી વધુ પ્રશ્નો સાથે તેમના સરળ ઉત્તર આપવામાં આવેલ છે. ડિજિટલ બેંકિંગમાં લોકોને છેતરપીંડી (સાયબર ફ્રોડ) નો મોટો ભય છે. ત્યારે સાયબર ફ્રોડ થી બચવા શું કાળજી રાખવી તે અંગેની ઝીણવટભરી માહિતી આપવામાં આવી છે. આ પુસ્તિકા બેંકની વેબસાઈટ **www.varachhabank.com** પરથી **ડિજિટલ ફોર્મ**માં પણ મળી શકશે.

આ પુસ્તિકા તૈયાર કરવાનો વિચાર અને માર્ગદર્શન આપનાર બેંકના રાહબર શ્રી કાનજીભાઈ આર. ભાલાળા તથા આ પુસ્તિકા તૈયાર કરનાર બેંકના **EDP** વિભાગના મેનેજરશ્રી પરેશભાઈ કેળાવાળા તથા **HRD** વિભાગ તથા જન જાગૃતિ માટે **VCB TEAM**ના દરેક સભ્ય ઉત્સાહપૂર્વક કાર્ય કરી રહ્યા છે. તેની સઆદર નોંધ લેતા ગૌરવ અનુભવું છું.

છેલ્લે... ચાલો, ડિજિટલ બેંકિંગ શીખીએ... સાથે છેતરપીંડીનો ભોગ ન બનીએ. તે માટે જાગૃત રહીએ...

હવે, જાણકારી અને સાવચેતી એજ ઉપાય છે.

આભાર....

**શ્રી ભવાનભાઈ બી. નવાપરા**
ચેરમેનશ્રી,
ધી વરાછા કો-ઓપ. બેંક લિ., સુરત
તારીખઃ ૦૧-૦૪-૨૦૨૧

### ૧. વરાછા બેંકનું ખાતુ UPI એપમાં લીંક કરવુ હોય તો શું જરૂરી છે?

- કસ્ટમર આઈડી વ્યકિતગત (Individual) કોન્સ્ટીટયુશન વાળુ હોવુ જોઈએ.
- રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પોતાના કસ્ટમર આઈડી સીવાય અન્ય કસ્ટમર આઈડીમાં રજીસ્ટર્ડ ના હોવો જોઈએ.
- વરાછા બેંક ડેબીટ કાર્ડનો ઉપયોગ કરતા હોવા જોઈએ.
- વરાછા બેંકની નેટબેંકીંગ / મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ કરતા હોવા જોઈએ.
- કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસ (નોર્મલ) માં હોવુ જોઈએ.
- માઈનોર એકાઉન્ટમાં UPI લીંક થઈ શકશે નહીં.
- UPI Appમાં તમારે એડ એકાઉન્ટ લીંક પર કલીક કરવું - ત્યાર બાદ બેંકનું લીસ્ટ આવશે તેમાં તમારે Varachha Co-op. Bank સીલેકટ કરવાનું રહેશે. - ત્યારબાદ Set Pin પર કલીક કરતા તમારે તમારા ડેબીટ કાર્ડની ડીટેઈલ દાખલ કરવાની રહેશે - ત્યારબાદ તમારા મોબાઈલ પર OTP આવશે - તે OTP દાખલ કરી તમારે ચાર અંકનો UPI PIN સેટ કરવાનો રહેશે.

### ૨. UPI માં કયા પ્રકારનાં ટ્રાન્ઝેકશન થાય છે?

- UPI માં તમે મોબાઈલ નંબર ઉપર તેમજ સામેવાળા વ્યકિતનાં એકાઉન્ટ નંબર તથા IFSC code વડે ફંડ ટ્રાન્સફર કરી શકાય છે.
- UPI વડે તમે શોપીંગ પણ કરી શકો છો.
- શોપ કાઉન્ટર પર રાખેલ QR કોડ સ્કેન કરી પેમેન્ટ કરી શકો છો.
- ઓનલાઈન શોપીંગ પણ કરી શકો છો.

### ૩. UPI ટ્રાન્ઝેકશન પુર્ણ કરવા શું કરવું?

- UPI ટ્રાન્ઝેકશન પુર્ણ કરવા માટે તમારે UPI PIN દાખલ કરવો પડે છે.

### ૪. UPI વડે દિવસમાં કેટલા રૂ. નું ફંડ ટ્રાન્સફર કરી શકાય?

- દિવસ દરમ્યાન વધુમાં વધુ રૂ. ૪૦,૦૦૦/- નું ફંડ ટ્રાન્સફર કરી શકશો, પરંતુ એક ટ્રાન્ઝેકશનની મર્યાદા રૂ. ૨૦,૦૦૦/- સુધીની રહેશે.

### ૫. UPI વડે દિવસમાં કેટલા રૂ. નું શોપીંગ કરી શકાય?

- દિવસ દરમ્યાન વધુમાં વધુ રૂ. ૪૦,૦૦૦/- નું શોપીંગ કરી શકશો, પરંતુ એક ટ્રાન્ઝેકશનની મર્યાદા રૂ. ૨૦,૦૦૦/- સુધીની રહેશે.

### ૬. UPI વડે દિવસ દરમ્યાન કેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાશે?

- એક દિવસ દરમ્યાન ૧૦ ટ્રાન્ઝેકશન કરી શકશો.

### ૭. UPI વડે દિવસ દરમ્યાન કેટલુ ફંડ રીસીવ્ડ કરી શકાય?

- ફંડ રીસીવ્ડની કોઈ મર્યાદા નથી.

### ૮. UPI કઈ એપ પરથી કરી શકાય?

- UPI કરવા માટે BHIM, PhonePe, GPay, Amazon Pay, Freecharge, Myjio, PayTm વગેરે જેવી UPI અનેબલ્ડ એપ નો ઉપયોગ કરી શકાય.

### ૯. UPI થી રૂ. ૫૦૦૦/– થી વધુ ટ્રાન્ઝેકશન થતુ નથી તો શું પ્રોબ્લેમ હશે?

- UPI કરવા માટે BHIM, PhonePe, GPay, Amazon Pay, Freecharge, Myjio, PayTm વગેરે જેવી UPI અનેબલ્ડ એપ નો ઉપયોગ કરવો પડે જયારે પણ તમે આવી એપમાં તમારૂ ખાતુ લીંક કરો ત્યારે તે દિવસ પુરતુ તે એપ માંથી રૂ. ૫,૦૦૦/- સુધીજ ટ્રાન્ઝેકશન કરી શકશો. બીજા દિવસથી બેંકે નકકી કરેલ મહતમ મર્યાદામાં ટ્રાન્ઝેકશન કરી શકાશે.

### ૧૦. UPI ટ્રાન્ઝેકશન ફેઈલ્ડ થયેલ હોય તો તે ખાતામાં પરત કયારે જમા થશે.?

- સામાન્ય રીતે ફેઈલ્ડ ટ્રાન્ઝેકશન તરત જ ખાતામાં રીવર્સ થઈ જાય છે પરંતુ જો તે તરત રીવર્સ ના થયુ હોય તો બીજા દિવસે UPI ટ્રાન્ઝેકશન્સનું રીકન્સીલેશન થાય છે અને બેંક તે ફેઈલ્ડ ટ્રાન્ઝેકશન મેન્યુઅલી જમા આપે છે.

### ૧૧. IMPS કરવુ હોય તો શું જરૂરી છે?

- કસ્ટમર આઈડી વ્યકિતગત (Individual) કોન્સ્ટીટયુશન વાળુ હોવુ જોઈએ.
- વરાછા બેંકની મોબાઈલ બેંકીંગની ટ્રાન્ઝેકશન ફેસેલીટી સેવાનો ઉપયોગ કરતા હોવા જોઈએ, ફકત મોબાઈલ બેંકીંગ વડે IMPS થી ફંડ ટ્રાન્સફર થશે. નેટ બેંકીંગથી IMPS થશે નહીં.
- કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.
- માઈનોર એકાઉન્ટમાંથી IMPS થઈ શકશે નહીં.

### ૧૨. IMPS થી ફંડ ટ્રાન્સફર કરવા માટે કઈ વિગતની જરૂર પડે?

- બેનીફીશીયરી એકાઉન્ટ નંબર, નામ અને તેની બેંકનો IFSC.

### ૧૩. IMPS થી કેટલુ ફંડ ટ્રાન્સફર કરી શકાય?

- જો બેનીફીશીયરી એકાઉન્ટ માં પ્રથમ વખત ફંડ ટ્રાન્સફર કરતા હોય તો પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૨૫,૦૦૦/- ની અંદર કરવુ પડશે ત્યારબાદ તરત બેંકે નકકી કરેલ મહતમ મર્યાદામાં ફંડ ટ્રાન્સફર કરી શકાશે.

- એક ટ્રાન્ઝેકશન મહતમ રૂ. ૨,૦૦,૦૦૦/- સુધી કરી શકાશે.

**૧૪. IMPS થી એક દિવસમાં કેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય?**

- એક દિવસમાં ગમે તેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકશો.

**૧૫. IMPS ટ્રાન્ઝેકશન પુર્ણ કરવા શું કરવું?**

- IMPS ટ્રાન્ઝેકશન પુર્ણ કરવા માટે તમારે OTP દાખલ કરવો પડે છે.

**૧૬. IMPS કઈ એપથી કરી શકાય?**

- વરાછા બેંકની મોબાઈલ એપ્લીકેશન દ્વારા જ કરી શકાશે. નેટ બેંકીંગથી થઈ શકશે નહીં.

**૧૭. IMPS વડે દિવસ દરમ્યાન કેટલુ ફંડ રીસીવ્ડ કરી શકાય?**

- ફંડ રીસીવ્ડની કોઈ મર્યાદા નથી.

**૧૮. IMPS ફંડ રીસીવ્ડ કરવા માટે મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ જરૂરી છે?**

- મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ કરતા ના હોય તો પણ IMPS થી ફંડ રીસીવ્ડ કરી શકાય.

**૧૯. IMPS ટ્રાન્ઝેકશન ફેઈલ્ડ થયેલ હોય તો તે ખાતામાં પરત કયારે જમા થશે.?**

- સામાન્ય રીતે ફેઈલ્ડ ટ્રાન્ઝેકશન તરત જ ખાતામાં રીવર્સ થઈ જાય છે પરંતુ જો તે તરત રીવર્સ ના થયુ હોય તો બીજા દિવસે IMPS ટ્રાન્ઝેકશન્સનું રીકન્સીલેશન થાય છે અને બેંક તે ફેઈલ્ડ ટ્રાન્ઝેકશન મેન્યુઅલી જમા આપે છે.

**૨૦. NEFT કોણ કરી શકશે?**

- વરાછા બેંકના સેવીંગ્સ, કરંટ તથા સીસી-ઓડી ખાતેદાર ઉપયોગ કરી શકાશે.
- કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.

**૨૧. NEFT કેવી રીતે કરી શકાશે?**

- વરાછા બેંકની મોબાઈલ બેંકીંગ, નેટબેંકીંગ સેવા અને કાઉન્ટર પરથી થઈ શકશે.

**૨૨. NEFT કરવા માટે કઈ વિગતોની જરૂર પડે?**

- બેનીફીશીયરી એકાઉન્ટ નંબર, નામ અને IFSC.

**૨૩. NEFT ફંડ ટ્રાન્સફર મર્યાદા શું છે?**

- જો તમે નેટબેંકીંગ / મોબાઈલ બેંકીંગથી નવા બેનીફીશીયરી એકાઉન્ટ માં પ્રથમ વખત ફંડ ટ્રાન્સફર કરતા હોય તો પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૨૫,૦૦૦/- ની અંદર કરવુ પડશે ત્યાર બાદ તરત બેંકે નકકી કરેલ મહતમ મર્યાદામાં ફંડ ટ્રાન્સફર કરી શકાશે.
- કાઉન્ટર પરથી ફંડ ટ્રાન્સફરમાં કોઈ મર્યાદા નથી.

**૨૪. NEFT થી એક દિવસમાં કેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય?**

- એક દિવસમાં ગમે તેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય.

**૨૫. NEFT થી રજાનાં દિવસમાં કેટલુ ફંડ ટ્રાન્સફર કરી શકાય?**

- રજાનાં દિવસે રૂ. ૨,૦૦,૦૦૦/- વધુ NEFT થઈ શકશે નહીં.

**૨૬. NEFT વડે દિવસ દરમ્યાન કેટલુ ફંડ રીસીવ્ડ કરી શકાય?**

- ફંડ રીસીવ્ડની કોઈ મર્યાદા નથી.

**૨૭. NEFT ફંડ રીસીવ્ડ કરવા માટે મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ જરૂરી છે?**

- મોબાઈલ બેંકીંગ / નેટ બેંકીંગ સેવાનો ઉપયોગ કરતા ના હોય તો પણ NEFT થી ફંડ રીસીવ્ડ કરી શકાય

**૨૮. RTGS કોણ કરી શકશે?**

- વરાછા બેંકના સેવીંગ્સ, કરંટ તથા સીસી-ઓડી ખાતેદાર ઉપયોગ કરી શકાશે.
- કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.

**૨૯. RTGS કેવી રીતે કરી શકાશે?**

- વરાછા બેંકની શાખા કાઉન્ટર પરથી જ થઈ શકશે. નેટબેંકીંગ/મોબાઈલ બેંકીંગ પરથી થઈ શકશે નહીં.

**૩૦. RTGS કરવા માટે કઈ વિગતોની જરૂર પડે?**

- બેનીફીશીયરી એકાઉન્ટ નંબર, નામ અને IFSC.

**૩૧. RTGS ફંડ ટ્રાન્સફર મર્યાદા શું છે?**

- ફંડ ટ્રાન્સફરમાં કોઈ મર્યાદા નથી.

**૩૨. RTGS થી એક દિવસમાં કેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય?**

- એક દિવસમાં ગમે તેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય.

**૩૩. RTGS વડે દિવસ દરમ્યાન કેટલુ ફંડ રીસીવ્ડ કરી શકાય?**

- ફંડ રીસીવ્ડની કોઈ મર્યાદા નથી.

**૩૪. Debit Card કોણ લઈ શકશે?**

- વરાછા બેંકના સેવીંગ્સ અને કરંટ ખાતેદાર લઈ શકશે.
- કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.
- માઈનોર ખાતેદાર લઈ શકશે નહીં.

**૩૫. NEW Debit Card લેવા માટે શું કરવું?**

- શાખા પર ખાતાધારકે રૂબરૂ જવું પડશે.
- શાખા પર Debit Card મેળવવા માટેનું ફોર્મ ભરવું પડશે.
- શાખા અધિકારી તમારૂ ફોર્મ ચકાસી તમને તરત જ ડેબીટ કાર્ડ ઈસ્યુ કરી આપશે જે બીજા દિવસે એકટીવ થશે.

**૩૬. Debit Card ક્યારે એકટીવ થશે?**

- ઈસ્યુ કર્યાનાં બીજા દિવસથી એકટીવ થશે. RBI ની સુચના મુજબ ઓનલાઈન ફ્રોડ અટકાવવાનાં હેતુથી Debit Card થી થતાં ઓનલાઈન વ્યવહારો (ECom) બંધ કરવામાં આવેલ છે. આપ ECom સેવા આપના વપરાશ તેમજ અનુકુળતા મુજબ SMS અથવા નેટ/મોબાઈલ બેંકીંગ સેવા વડે ફરી ચાલુ કરી શકશો.

**૩૭. Debit Card PIN કેવી રીતે મેળવી શકાય?**

- વરાછા બેંકનાં જ ATM / Cash Recycler મશીનમાં ગ્રીનપીન વિકલ્પ પસંદ કરી નવો પીન જનરેટ કરી શકાશે તથા નેટ/મોબાઈલ બેંકીંગમાં ATM કાર્ડમાં Set / Reset Debit Card PIN વડે નવો પીન જનરેટ કરી શકાશે. વરાછા બેંક ફીઝીકલ પીન મેઈલર આપતી નથી.

**૩૮. Debit Card PIN નો ચાર્જ શું છે?**

- નવા પીન માટે કોઈપણ ચાર્જ નથી. પરંતુ બીજી વખત પીન જનરેટ માટે બેંકે વખતો-વખત નકકી કરેલા ચાર્જ લેવામાં આવશે. (હાલ રૂ. ૧૦૦ + GST છે.)

**૩૯. Debit Card વડે દૈનિક રોકડ ઉપાડ મર્યાદા કેટલી છે?**

- દૈનિક રોકડ ઉપાડ મર્યાદા રૂ. ૪૦,૦૦૦/- છે.

**૪૦. Debit Card વડે દૈનિક શોપીંગ મર્યાદા કેટલી છે?**

- દૈનિક ઓનલાઈન + ઓફલાઈન શોપીંગ મર્યાદા રૂ. ૧,૦૦,૦૦૦/- છે.

**૪૧. Debit Card માં ATM PIN કયાં ઉપયોગ કરવો?**

- ATM PIN નો ઉપયોગ રોકડ ઉપાડ તેમજ ઓફલાઈન શોપીંગ કરતી વખતે કરવાનો રહેશે. (જયાં કાર્ડ ફીઝીકલી રજુ કરવુ પડે ત્યાં પીનનો ઉપયોગ કરવાનો રહેશે)

**૪૨. Debit Card માં OTP કયાં ઉપયોગ કરવો?**

- OTP નો ઉપયોગ ઓનલાઈન શોપીંગ કરતી વખતે કરવાનો રહેશે.(જયાં કાર્ડ ફીઝીકલી રજુ કરવુ ના પડે ત્યાં OTP નો ઉપયોગ થશે.)

**૪૩. Debit Card માં વાર્ષિક કેટલો ચાર્જ લાગશે?**

- Debit Card ઈસ્યુનો કોઈ ચાર્જ નથી પરંતુ વર્ષનાં અંતે એટલેકે માર્ચ મહિનાના એન્ડમાં રૂ.૧૫૦ + GST ચાર્જ કપાશે.

**૪૪. Debit Card ખોવાય જાય અથવા ચોરી થઈ જાય ત્યારે શું કરવું?**

- તમારા રજીસ્ટર્ડ મોબાઈલ પરથી ૯૧૩૩૫૭૪૦૦૦/ ૯૩૫૫૪૯૨૨૦૦ પર **[VARA LOST 14 Digit A/c No.] SMS** કરવાનો રહેશે.
- જો તમે નેટ/મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ કરતા હોય તો તેમાં મેનેજ સર્વીસ મેનુમાં તમે તમારી ATM સેવા ઓફ કરી શકો છો અથવા ATM કાર્ડ મેનુમાં કાર્ડ બ્લોક કરાવી શકો છો.
- ATM Helpline No. **૯૫૮૬૬ ૪૪૬૪૪** પર સંપર્ક કરી મદદ માંગી શકો છો.
- શાખા પર રૂબરૂ જઈને કાર્ડ બ્લોક કરાવી શકો છો.

**૪૫. Debit Card ટ્રાન્ઝેકશન ફેઈલ્ડ થયેલ હોય તો તે ખાતામાં પરત કયારે જમા થશે.?**

- સામાન્ય રીતે ફેઈલ્ડ ટ્રાન્ઝેકશન તરત જ ખાતામાં રીવર્સ થઈ જાય છે પરંતુ જો તે તરત રીવર્સ ના થયુ હોય તો બીજા દિવસે Debit Card ટ્રાન્ઝેકશન્સનું રીકન્સીલેશન થાય છે અને બેંક તે ફેઈલ્ડ ટ્રાન્ઝેકશન મેન્યુઅલી જમા આપે છે. જો રીકન્સીલેશનમાં તે ટ્રાન્ઝેકશન સફળતા પુર્વક થયેલ જણાશે તો ગ્રાહક શાખા કાઉન્ટર પર અથવા ઓનલાઈન કમ્પ્લેઈન કરી શકશે.

### ૪૬. Net Banking કોણ લઈ શકશે?

- વરાછા બેંકના સેવીંગ્સ, કરંટ અને સીસી-ઓડી ખાતેદાર ઉપયોગ કરી શકાશે.
- કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.
- માઈનોર ખાતેદાર લઈ શકશે નહીં.

### ૪૭. Net Banking શરૂ કરવા માટે શું કરવું?

- જો તમે પહેલી વાર લોગઈન કરતા હોય તો નેટબેંકીંગ લોગઈન પેઈજ પર Registration ટેબ પર તમારો કસ્ટમરઆઈડી તથા મોબાઈલ નંબર એન્ટર કરી રજીસ્ટ્રેશન કરવું પડશે.
- ત્યાર બાદ ટ્રાન્ઝેકશન ફેસીલીટી ચાલુ કરવા શાખા પર રૂબરૂ જઈને ટ્રાન્ઝેકશન ફેસીલીટી ફોર્મ ભરવુ પડશે.

### ૪૮. Net Banking પાસવર્ડ ફોર્મેટ શું છે?

- પાસવર્ડ ઓછામાં ઓછો ૮ અંકનો હોવો જોઈએ.
- પાસવર્ડમાં Alpha Uppercas (ABCD), Alpha Lowercase (abcd), સ્પેશીયલ કેરેકટર (@#$) તથા નંબર (1234) નો ઉપયોગ થયો હોવો જોઈએ.

### ૪૯. Net Banking લોગઈન કયાથી કરી શકાશે?

- વરાછા બેંકની વેબસાઈટ www.varachhabank.com પર હોમ પેઈજ પર નેટબેંકીંગ બટન પર કલીક કરતા નેટબેંકીંગ ઓપન થશે.

### ૫૦. Net Banking યુઝર બ્લોક થઈ ગયુ છે, અનબ્લોક કરવા શું કરવું?

- જો તમે નેટ બેંકીંગમાં લોગ ઈન કરતી વખતે ત્રણ વખત ખોટો પાસવર્ડ દાખલ કરશો તો તમારૂ યુઝર બ્લોક થઈ જશે. ૩૦ મીનીટ બાદ, જો તમને તમારો પાસવર્ડ યાદ ના હોય તો ફોર્ગેટ પાસવર્ડની લીંક પર કલીક કરી નવો પાસવર્ડ બનાવવો અને ત્યારબાદ લોગઈન કરવું.

### ૫૧. Net Banking માં નવા બેનીફીશીયરી પ્રથમ ટ્રાન્ઝેકશન કેટલાનું થશે?

- નવા બેનીફીશીયરીમાં પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૨૫,૦૦૦/- સુધી કરી શકાશે ત્યારબાદ તરત બેંકે નકકી કરેલ મહતમ દૈનિક મર્યાદામાં ટ્રાન્ઝેકશન થઈ શકશે.

### ૫૨. Net Banking થી પોતાના ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર થઈ શકે?

- **(Own Fund Transfer)** પોતાના કસ્ટમર આઈડી હેઠળનાં તમામ સેવીંગ્સ, કરંટ, સીસી-ઓડી, લોન તથા રીકરીંગ ખાતામાં ફંડ ટ્રાન્સફર કરી શકાશે અને તેના

માટે બેનીફીશીયરી એકાઉન્ટ એડ કરવાની જરૂર નથી.

**૫૩. Net Banking થી પોતાના ખાતાઓમાં કેટલું ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- દૈનિક મહતમ રૂ. ૧૦,૦૦,૦૦૦/- સુધી ફંડ ટ્રાન્સફર થઈ શકશે.

**૫૪. Net Banking થી વરાછા બેંકનાં અન્ય ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર થઈ શકે**

- **(Internal Fund Transfer)** વરાછા બેંકનાં અન્ય સેવીંગ્સ, કરંટ અને સીસી-ઓડી ખાતામાં ફંડ ટ્રાન્સફર થઈ શકશે. વરાછા બેંકનું અન્ય ખાતું બેનીફીશીયરી માં એડ કરવું પડશે. અને તેમાં પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૨૫,૦૦૦/- સુધી કરવુ પડશે ત્યારબાદ તરત જ બેંકે નકકી કરેલ મહતમ દૈનિક મર્યાદામાં ફંડ ટ્રાન્સફર કરી શકશો.

**૫૫. Net Banking થી વરાછા બેંકનાં અન્ય ખાતાઓમાં કેટલું ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- દૈનિક મહતમ રૂ. ૧૦,૦૦,૦૦૦/- સુધી ફંડ ટ્રાન્સફર થઈ શકશે.

**૫૬. Net Banking થી અન્ય બેંકનાં ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- **(NEFT Fund Transfer)** અન્ય બેંકનાં NEFT વડે ફંડ ટ્રાન્સફર થઈ શકશે. એક વખત અન્ય બેંક એકાઉન્ટ બેનીફીશીયરી માં એડ કરવું પડશે. અને તેમાં પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૨૫,૦૦૦/- સુધી કરવુ પડશે ત્યારબાદ તરત જ બેંકે નકકી કરેલ મહતમ દૈનિક મર્યાદામાં ફંડ ટ્રાન્સફર કરી શકશો.

**૫૭. Net Banking થી અન્ય બેંકનાં ખાતાઓમાં કેટલું ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- દૈનિક મહતમ રૂ. ૨,૦૦,૦૦૦/- સુધી ફંડ ટ્રાન્સફર થઈ શકશે.

**૫૮. Net Banking માં મારા એકાઉન્ટની વિગત જોવા મળશે?**

- ડીપોઝીટ એકાઉન્ટ તથા લોન એકાઉન્ટની માહિતી મળે છે.
- ડીપોઝીટ એકાઉન્ટ તથા લોન એકાઉન્ટનું **મીની સ્ટેટમેન્ટ** (છેલ્લા ૧૦ વ્યવહારો) જોઈ શકાશે.
- દરેક એકાઉન્ટનું **ડીટેઈલ સ્ટેટમેન્ટ** (એક વર્ષનાં સમય ગાળાનું) જોઈ શકાશે તથા ડાઉનલોડ કરી શકાશે.
- ડાઉનલોડ કરેલ સ્ટેટમેન્ટ ઓપન કરવાનો પાસવર્ડ કસ્ટમર આઈડી છે.

**૫૯. Net Banking માં મારા એકાઉન્ટની ચેકની વિગત જોવા મળશે?**

- **ચેકબુક ડીટેઈલ** યુઝડ – અનયુઝડ ચેકની વિગત જોઈ શકાશે.
- **ચેક સ્ટોપ પેમેન્ટ** રીકવેસ્ટ કરી શકાશે.
- **નવી ચેકબુક**ની રીકવેસ્ટ કરી શકાશે.
- **Other Service** માં ચેકનું કલીયરીંગ સ્ટેટસ જોઈ શકાશે.

**૬૦. Net Banking માં ડીજીટલ સેવાને કઈ રીતે મેનેજ કરીશ?**

- **મેનેજ સર્વીસ** વડે વરાછા બેંકની વિવીધ ડીઝીટલ ચેનલ જેવીકે ATM, IMPS, UPI, NEFT, Bill Payment, Ecom અને POS વગેરે સેવા હંગામી ધોરણે **ચાલુ – બંધ** કરી શકાશે તેમજ તેમાં બેંક દ્વારા અપાયેલ મહતમ દૈનિક મર્યાદામાં રહીને **વ્યવહારની લીમીટ સેટ** કરી શકાશે.

**૬૧. મારૂ ATM Card ખોવાઈ / ચોરી થઈ ગયેલ છે તો Net Banking થી તેને કઈ રીતે બ્લોક / બંધ કરવું?**

- **ATM** કાર્ડ નાં મેનુમાં કાર્ડ હંગામી ધોરણે ચાલુ-બંધ કરી શકાશે તેમજ કાયમી ધોરણે **ATM Card બ્લોક** કરી શકાશે.
- **ATM** કાર્ડ તમે Off કરી બંધ કર્યુ હશે તો તેને On કરી ફરી ચાલુ કરી શકાશે. પરંતુ જો તમે તેને **Block** કર્યુ હશે તો તે કાયમી ધોરણે બંધ થઈ જશે અને ફરી ચાલુ નહી થાય.

**૬૨. Net Banking થી મારા બીલનું પેમેન્ટ કરી શકીશ?**

- **યુટીલીટી બીલ પેમેન્ટ** જેમકે લાઈટ બીલ, ગેસ બીલ, પોસ્ટપેઈડ મોબાઈલ બીલ, DTH રીચાર્જ વગેરે પેમેન્ટ કરી શકાશે.

**૬૩. Net Banking થી FD ખાતાઓ મેનેજ કરી શકીશ?**

- તમારી **ફીકસ્ડ ડીપોઝીટની** વિગતો જોઈ શકશે.
- **ઓનલાઈન FD** મુકી શકાશે તથા તેનું પેમેન્ટ કરી શકાશે.
- વરાછા બેંકમાં આપની **FD** નું ઈન્ટરેસ્ટ સર્ટીફીકેટ જોવા મળશે.

**૬૪. Mobile Banking કોણ લઈ શકશે?**

- વરાછા બેંકના સેવીંગ્સ, કરંટ અને સીસી-ઓડી ખાતેદાર ઉપયોગ કરી શકશે.
- કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.
- માઈનોર ખાતેદાર લઈ શકશે નહીં.

**૬૫. Mobile Banking કઈ રીતે ચાલુ કરવુ?**

- જો તમારી પાસે Android Phone હોય તો Google Play Store પરથી Varachha Bank Mobile ઈન્સ્ટોલ કરવી પડશે. અને જો તમારી પાસે iPhone હોય તો Apple Store પરથી Varachha Bank Mobile ઈન્સ્ટોલ કરવી પડશે.

**૬૬. Mobile Banking શરૂ કરવા માટે શું કરવું?**

- જો તમે પહેલી વાર લોગઈન કરતા હોય તો લોગઈન પેઈજ પર Get Registration ટેબ પર તમારો કસ્ટમરઆઈડી, **DOB, PAN,** મોબાઈલ નંબર એન્ટર કરી રજીસ્ટ્રેશન કરવું પડશે.
- ત્યાર બાદ ટ્રાન્ઝેકશન ફેસીલીટી ચાલુ કરવા શાખા પર રૂબરૂ જઈને ટ્રાન્ઝેકશન ફેસીલીટી ફોર્મ ભરવુ પડશે.

**૬૭. Mobile Banking માં નવો બેનીફીશીયરી એડ કર્યા બાદ કયારે એકટીવ થશે?**

- બેનીફીશીયરી એડ કર્યાનાં ૧૦ મીનીટ બાદ બેનીફીશીયરી એકટીવ થશે.

**૬૮. Mobile Banking માં નવા બેનીફીશીયરી પ્રથમ ટ્રાન્ઝેકશન કેટલાનું થશે?**

- નવા બેનીફીશીયરીમાં પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૨૫,૦૦૦/- સુધી કરી શકાશે ત્યારબાદ તરત બેંકે નકકી કરેલ મહતમ દૈનિક મર્યાદામાં ટ્રાન્ઝેકશન થઈ શકશે.

**૬૯. Mobile Banking યુઝર બ્લોક થઈ ગયુ છે, અનબ્લોક કરવા શું કરવું?**

- જો તમે મોબાઈલ બેંકીંગમાં લોગ ઈન કરતી વખતે ત્રણ વખત ખોટો પાસવર્ડ દાખલ કરશો તો તમારૂ યુઝર બ્લોક થઈ જશે. ૩૦ મીનીટ બાદ, જો તમને તમારો પાસવર્ડ યાદ ના હોય તો ફોર્ગેટ પાસવર્ડની લીંક પર કલીક કરી નવો પાસવર્ડ બનાવવો અને ત્યારબાદ લોગઈન કરવું.

**૭૦. Mobile Banking થી પોતાના ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- **(Own Fund Transfer)** પોતાના કસ્ટમર આઈડી હેઠળનાં તમામ સેવીંગ્સ, કરંટ, સીસી-ઓડી, લોન તથા રીકરીંગ ખાતામાં ફંડ ટ્રાન્સફર કરી શકાશે અને તેના માટે બેનીફીશીયરી એકાઉન્ટ એડ કરવાની જરૂર નથી.

**૭૧. Mobile Banking થી પોતાના ખાતાઓમાં કેટલું ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- દૈનિક મહતમ રૂ. ૧૦,૦૦,૦૦૦/- સુધી ફંડ ટ્રાન્સફર થઈ શકશે.

**૭૨. Mobile Banking થી વરાછા બેંકનાં અન્ય ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- **(Internal Fund Transfer)** વરાછા બેંકનાં અન્ય સેવીંગ્સ, કરંટ અને સીસી-ઓડી ખાતામાં ફંડ ટ્રાન્સફર થઈ શકશે. વરાછા બેંકનું અન્ય ખાતું બેનીફીશીયરી માં એડ કરવું પડશે. અને તેમાં પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૨૫,૦૦૦/- સુધી કરવુ પડશે ત્યારબાદ તરત જ બેંકે નકકી કરેલ મહતમ દૈનિક મર્યાદામાં ફંડ ટ્રાન્સફર કરી શકશો.

**૭૩. Mobile Banking થી વરાછા બેંકનાં અન્ય ખાતાઓમાં કેટલું ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- દૈનિક મહતમ રૂ. ૧૦,૦૦,૦૦૦/- સુધી ફંડ ટ્રાન્સફર થઈ શકશે.

**૭૪. Mobile Banking થી અન્ય બેંકનાં ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- **(NEFT Fund Transfer)** અન્ય બેંકનાં ખાતામાં NEFT વડે ફંડ ટ્રાન્સફર થઈ શકશે. એક વખત અન્ય બેંક એકાઉન્ટ બેનીફીશીયરી માં એડ કરવું પડશે. અને તેમાં પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૨૫,૦૦૦/- સુધી કરવુ પડશે ત્યારબાદ તરત જ બેંકે નકકી કરેલ મહતમ દૈનિક મર્યાદામાં ફંડ ટ્રાન્સફર કરી શકશો. મહતમ રૂ. ૨,૦૦,૦૦૦/-
- **(IMPS Fund Transfer)** અન્ય બેંકનાં ખાતામાં IMPS વડે ફંડ ટ્રાન્સફર થઈ શકશે. એક વખત અન્ય બેંક એકાઉન્ટ બેનીફીશીયરી માં એડ કરવું પડશે. અને તેમાં પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૨૫,૦૦૦/- સુધી કરવુ પડશે ત્યારબાદ તરત જ બેંકે નકકી કરેલ મહતમ દૈનિક મર્યાદામાં ફંડ ટ્રાન્સફર કરી શકશો. મહતમ રૂ. ૨,૦૦,૦૦૦/-

**૭૫. Mobile Banking થી અન્ય ખાતાઓમાં કેટલું ફંડ ટ્રાન્સફર થઈ શકે?**

- દૈનિક મહતમ **IMPS** થી રૂ. ૨,૦૦,૦૦૦/- + **NEFT** થી રૂ. ૨,૦૦,૦૦૦/- કુલ રૂ. ૪,૦૦,૦૦૦/- સુધી ફંડ ટ્રાન્સફર થઈ શકશે.

**૭૬. Mobile Banking માં મારા એકાઉન્ટની વિગત જોવા મળશે?**

- ડીપોઝીટ એકાઉન્ટ તથા લોન એકાઉન્ટની માહિતી મળે છે.
- ડીપોઝીટ એકાઉન્ટ તથા લોન એકાઉન્ટનું **મીની સ્ટેટમેન્ટ** (છેલ્લા ૧૦ વ્યવહારો) જોઈ શકાશે.
- દરેક એકાઉન્ટનું **ડીટેઈલ સ્ટેટમેન્ટ** (એક વર્ષનાં સમય ગાળાનું) જોઈ શકાશે તથા ડાઉનલોડ કરી શકાશે.

- ડાઉનલોડ કરેલ PDF સ્ટેટમેન્ટ ઓપન કરવાનો પાસવર્ડ કસ્ટમર આઈ.ડી. રહેશે.

**૭૭. Mobile Banking માં એકાઉન્ટના ચેકની વિગત જોવા મળશે?**

- **ચેકબુક ડીટેઈલ** યુઝડ – અનયુઝડ ચેકની વિગત જોઈ શકાશે.
- **ચેક સ્ટોપ પેમેન્ટ** રીકવેસ્ટ કરી શકાશે.
- **નવી ચેકબુક**ની રીકવેસ્ટ કરી શકાશે.

**૭૮. Mobile Banking માં મારા ચેકબુક રીકવેસ્ટ કર્યા પછી કયારે લેવા જવાની?**

- ચેકબુક રીકવેસ્ટ કર્યા પછી તમારી ચેકબુક સામાન્યરીતે ૨-૩ વર્કીંગ દિવસમાં બની જતી હોય છે, શાખા પરથી તમને ચેકબુક લેવા માટે કોલ કરવામાં આવશે.

**૭૯. Mobile Banking માં ડીજીટલ સેવાને કઈ રીતે મેનેજ કરીશ?**

- **મેનેજ સર્વીસ** વડે વરાછા બેંકની વિવીધ ડીઝીટલ ચેનલ જેવીકે ATM, IMPS, UPI, NEFT , Bill Payment, Ecom, POS વગેરે સેવા હંગામી ધોરણે **ચાલુ – બંધ** કરી શકાશે તેમજ તેમાં બેંક દ્વારા અપાયેલ મહતમ દૈનિક મર્યાદામાં રહીને **વ્યવહારની લીમીટ સેટ** કરી શકાશે.

**૮૦. મારૂ ATM Card ખોવાઈ / ચોરી થઈ ગયેલ છે તો Mobile Banking થી તેને કઈ રીતે બ્લોક / બંધ કરવું?**

- ATM કાર્ડ નાં મેનુમાં કાર્ડ હંગામી ધોરણે ચાલુ-બંધ કરી શકાશે તેમજ કાયમી ધોરણે **ATM Card બ્લોક** કરી શકાશે.
- ATM કાર્ડ તમે Off કરી બંધ કર્યુ હશે તો તેને On કરી ફરી ચાલુ કરી શકાશે. પરંતુ જો તમે તેને Block કર્યુ હશે તો તે કાયમી ધોરણે બંધ થઈ જશે અને ફરી ચાલુ નહી થાય.

**૮૧. Mobile Banking થી મારા બીલનું પેમેન્ટ કરી શકીશ?**

- **યુટીલીટી બીલ પેમેન્ટ** જેમકે લાઈટ બીલ, ગેસ બીલ, પોસ્ટપેઈડ મોબાઈલ બીલ, DTH રીચાર્જ વગેરે પેમેન્ટ કરી શકાશે.

**૮૨. Mobile Banking થી FD ખાતાઓ મેનેજ કરી શકીશ?**

- તમારી **ફીકસ્ડ ડીપોઝીટની** વિગતો જોઈ શકાશે.
- વરાછા બેંકમાં આપની FD નું ઈન્ટરેસ્ટ સર્ટીફીકેટ જોવા મળશે.

### ૮૩. Payment Gateway શું છે?

- જો તમે બેંકની નેટબેંકીંગ સેવાનો ઉપયોગ કરતા હોય તો, કોમર્શીયલ વેબસાઈટ પરથી લાઈટબીલ, ગેસબીલ, ટ્રેન ટીકીટ, ક્રેડીટકાર્ડ બીલ, વીમા પ્રિમીયમ વગેરે જેવા બીલ પેમેન્ટ કરવા માટે જે તે વેબસાઈટ પર પેમેન્ટ ઓપ્શનમાં નેટ બેંકીંગ ઓપ્શન આવતુ હોય તો તમે વરાછા બેંકનાં નેટબેંકીંગ વડે પેમેન્ટ કરી શકશો.

### ૮૪. મારી પાસે ડેબીટ કાર્ડ નથી તો બીજી કઈ રીતે બીલ પેમેન્ટ કરી શકાય?

- વરાછા બેંકની નેટબેંકીંગ/મોબાઈલ બેંકીંગ સેવા વડે બીલ પેમેન્ટ કરી શકો છો.

### ૮૫. ATM Pin ભુલાઈ ગયેલ છે તો મારે કેવી રીતે નવો પીન લેવો?

- વરાછા બેંકનાં જ ATM / Cash Recycler મશીનમાં ગ્રીન પીન વિકલ્પ પસંદ કરી નવો પીન જનરેટ કરી શકાશે તથા નેટ/મોબાઈલ બેંકીંગમાં ATM કાર્ડમાં Set / Reset Debit Card PIN વડે નવો પીન જનરેટ કરી શકાશે. વરાછા બેંક ફીઝીકલ પીન મેઈલર આપતી નથી.

### ૮૬. ATM Machine રોકડ ઉપાડ સીવાય બીજી કઈ કઈ સુવિધા છે?

- મીની સ્ટેટમેન્ટ પ્રીન્ટ કરી શકાશે.
- બેલેન્સ ચેક કરી શકાશે તથા પ્રીન્ટ કરી શકાશે.
- મોબાઈલ/DTH રીચાર્જ કરી શકાશે.
- વરાછા બેંકનાં અન્ય ખાતામાં ફંડ ટ્રાન્સફર કરી શકાશે (રૂ. ૧,૦૦,૦૦૦/-) સુધી ફંડ ટ્રાન્સફર કરી શકાશે.

### ૮૭. Cash Recycler Machine માં રોકડ જમા કરવા માટે શું જરૂર પડે?

- કેશ રીસાયકલર મશીનમાં રોકડ જમા કરવા માટે વરાછા બેંકનાં ડેબીટ કાર્ડનો ઉપયોગ કરવો પડે.

### ૮૮. Cash Recycler Machine માં રોકડ જમા કરવા માટે કેટલી મર્યાદા છે?

- કેશ રીસાયકલર મશીનમાં રોકડ જમા કરવા માટે દૈનિક મર્યાદા નીચે મુજબ છે.
- સેવિંગ્સ ખાતામાં — રૂ. ૩,૦૦,૦૦૦/-
- કરંટ ખાતામાં — રૂ. ૧૦,૦૦,૦૦૦/-
- સીસી-ઓડી ખાતામાં — રૂ. ૧૦,૦૦,૦૦૦/-

**૮૯. Cash Recycler Machine રોકડ ઉપાડ સીવાય બીજી કઈ કઈ સુવિધા છે?**

- મીની સ્ટેટમેન્ટ પ્રીન્ટ કરી શકાશે.
- બેલેન્સ ચેક કરી શકાશે તથા પ્રીન્ટ કરી શકાશે.
- મોબાઈલ/DTH રીચાર્જ કરી શકાશે.
- વરાછા બેંકનાં અન્ય ખાતામાં ફંડ ટ્રાન્સફર કરી શકાશે (રૂ. ૧,૦૦,૦૦૦/-) સુધી ફંડ ટ્રાન્સફર કરી શકાશે.

**૯૦. Cash Recycler Machine માં કઈ કઈ નોટ જમા કરી શકાય?**

- કેશ રીસાયકલર મશીનમાં રૂ. ૨,૦૦૦/-, ૫૦૦/- . ૨૦૦/- અને ૧૦૦/- નોટ જમા કરી શકાશે.

**૯૧. Cash Recycler Machine માં રોકડ જમા કરી પરંતુ ખાતામાં જમા પડયા નથી?**

- કેશ રીસાયકલર મશીનમાં રોકડ જમા કરતી વખતે મશીનમાં કોઈ ટેકનીકલ મુશ્કેલીનાં કારણે મશીને રોકડ સ્વીકારી લીધેલ છે પરંતુ ખાતામાં જમા થયા નથી ત્યારે ATM Room માં મુકેલ Complaint Book માં કમ્પલેન નોંધવી. બીજા દિવસે રીકન્સીલેશન થયા બાદ ખાતામાં ક્રેડીટ આપવામાં આવશે.

**૯૨. મારા ખાતાનું બેલેન્સ જાણવા શું કરવું?**

- તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી **૦૨૬૧-૪૦૦૮૦૮૦** પર મીસ્ડ કોલ કરવાથી બેંક તમારા નંબર પર બેલેન્સનો મેસેજ SMS કરશે.
- તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી **૯૧૩૩૫૭૪૦૦૦ / ૯૩૫૫૪૯૨૨૦૦** પર VARA 1 SMS કરવાથી બેંક તમારા નંબર પર બેલેન્સનો મેસેજ SMS કરશે.
- વરાછા બેંક નેટ બેંકીંગ લોગઈન પેજ પર Right Hand Bottom Corner પર Easy Bank Banking Assistant સેવા વડે પણ તમે બેલેન્સની જાણકારી મેળવી શકો છો.
- જો તમારૂ ખાતુ UPI App માં લીંક હોય તો ત્યાં પણ બેલેન્સ ઈન્કવાયરીની સુવિધા મેળવી શકો છો.

**૯૩. Net Banking / Mobile Banking પાસવર્ડ ભુલાય ગયેલ છે તો શું કરવું?**

- તમારે ફોર્ગેટ પાસવર્ડ પર કલીક કરવુ પડશે ત્યારબાદ તમારો કસ્ટમર આઈડી, **DOB, Pan,** મોબાઈલ નંબર દાખલ કરી કલીક કરવું તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર બેંક SMS દ્વારા OTP મોકલશે તે OTP દાખલ કરી તમે નવો પાસવર્ડ બનાવી શકશો.

**૯૪. મે નવો મોબાઈલ લીધો છે, મોબાઈલ બેંકીંગ ચાલુ થતુ નથી?**

- તમારે તમારા રજીસ્ટર્ડ મોબાઈલ પરથી **૯૧૩૩૫૭૪૦૦૦ / ૯૩૫૫૪૯૨૨૦૦** પર VARA RESET Customer_ID SMS કરવો પડશે, ત્યાર બાદ બેંક તમને SMS થી Reset Device Success નો SMS આપશે ત્યાર બાદ તમે નવા મોબાઈલમાં લોગઈન કરી શકશો.

**૯૫. મે મારો મોબાઈલ ફોર્મેટ કર્યો છે, મોબાઈલ બેંકીંગ ચાલુ થતુ નથી?**

- તમારે તમારા રજીસ્ટર્ડ મોબાઈલ પરથી **૯૧૩૩૫૭૪૦૦૦ / ૯૩૫૫૪૯૨૨૦૦** પર VARA RESET Customer_ID SMS કરવો પડશે, ત્યાર બાદ બેંક તમને SMS થી Reset Device Success નો SMS આપશે ત્યાર બાદ તમે નવા મોબાઈલમાં લોગઈન કરી શકશો.

**૯૬. મે નવો મોબાઈલ નંબર અપડેટ કરાવ્યો છે તે નંબર મોબાઈલ બેંકીંગમાં અપડેટ કરવા શું કરવું?**

- તમારે તમારા જુના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી **૯૧૩૩૫૭૪૦૦૦ / ૯૩૫૫૪૯૨૨૦૦** પર VARA UPDATE Customer_ID NEW_MOBILE NO SMS કરવો પડશે, ત્યાર બાદ બેંક તમને SMS થી Mobile No. Update થયાનો SMS આપશે ત્યાર બાદ એક વર્કીંગ દિવસ બાદ મોબાઈલ બેંકીંગમાં નવો મોબાઈલ નંબર અપડેટ થઈ જશે.

**૯૭. OTP લેટ આવે છે / આવતો નથી?**

- સામાન્ય રીતે બેંક OTP નો SMS તરતજ મોકલી આપતી હોય છે પરંતુ OTP મોકલવા માટે વચ્ચે મોબાઈલ નેટવર્ક ઓપરેટર હોય છે જે SMS ડીલીવરી કરે છે. જો મોબાઈલ પ્રોપર નેટવર્કમાં ના હોય તો OTP લેટ મળી શકે છે અથવા મળી શકતો નથી.
- (૧) મોબાઈલ એરોપ્લેન મોડમાં લેવો / રીસ્ટાર્ટ કરવો. (૨) SMS નું સેટીંગ રીસેટ કરવું. (૩) બ્લોક લીસ્ટ તપાસવું. (૪) સીમ બીજા મોબાઈલમાં નાખી ચેક કરવું.

**૯૮. Email પર સ્ટેટમેન્ટ મંગાવવા શું કરવુ?**

- તમારો ઈમેઈલ શાખા પર જઈને અપડેટ કરાવવાનો રહેશે ત્યાર બાદ દર મહિનાની ૧ તારીખે તમારા ખાતાનું સ્ટેટમેન્ટ ઈમેઈલ દ્વારા મળશે.

**૯૯. Email પર મળેલ સ્ટેટમેન્ટ ઓપન કરવાનો પાસવર્ડ શું હોય?**

- તમારા ઈમેઈલ પર મળેલ સ્ટેટમેન્ટ ઓપન કરવા માટે તમારા ખતાનાં નામનાં પ્રથમ

૪ અક્ષરો અને તમારા ખાતાનંબરનાં છેલ્લા ૬ નંબરનાં કોમ્બીનેશન એ તમારો પાસવર્ડ રહેશે. દાખલા તરીકે નામ (RAHUL ASHOKBHAI PATEL) છે અને ખાતા નંબર (00110120123456) છે તો પાસવર્ડ RAHU123456 થશે (તમારા નામનાં પ્રથમ ચાર કેરેકટર + ખાતાનંબરનાં અંતિમ છ કેરેકટર).

**૧૦૦. IMPS /NEFT Limit વધારવા માટે શું કરવુ?**

- તમારે શાખા પર શાખા મેનેજરશ્રીનો સંપર્ક કરવો પડશે, શાખા મેનેજર તમારા ખાતાનાં ટ્રાન્ઝેકશનનો રીવ્યુ કરી આગળ ફોર્માલીટી કરશે. સેવીંગ્સ ખાતામાં વધારે લીમીટ મળશે નહીં.

**૧૦૧. Share IPO માં રકમ બ્લોક થતી નથી / રકમ ભરી શકાતા નથી?**

- સામાન્ય રીતે મલ્ટી સ્ટેટ શીડયુલ્ડ બેંકને ASBA માટે મંજુરી હોય છે, વરાછા બેંકને આવી મંજુરી મળેલ નથી તેથી Share IPO માં રકમ ભરી શકાશે નહીં.

**૧૦૨. Varachha Bank નો કસ્ટમર કેર નંબર શું છે?**

- વરાછા બેંકનો કસ્ટમર કેર નંબર ૧૮૦૦ ૨૫૮ ૭૭૫૦ છે. તેમાં તમે ડીજીટલ સેવા અંગે જણાતી કોઈપણ મુશ્કેલી અંગે મદદ લઈ શકો છો.

**૧૦૩. Positive Pay શું છે?**

- બેંકનાં કસ્ટમર તેના પેમેન્ટ સ્વરૂપે તેની પાર્ટીને રૂા.૫૦,૦૦૦/- કે તેથી વધુનો ચેક આપે તે ચેક બાબતે સુરક્ષીત પેમેન્ટ થાય તે માટે RBI એ સુચવેલી પ્રોસેસ છે. ચેક ઈસ્યુ કરનાર ગ્રાહકે તેણે લખેલ ચેકની વિગત જેવીકે ચેક નંબર, ચેક તારીખ, પેઈનું નામ, રકમ વગેરે વિગત બેંકને આપવી પડશે. જયારે તે ચેક પાસ થવા માટે બેંકમાં રજુ થશે ત્યારે ચેક ઈસ્યુ કરનાર કસ્ટમરે આપેલ વિગત સાથે તે ચેક મેચ કરશે અને ત્યારબાદ તે ચેક પાસ કરશે.

**૧૦૪. Positive Pay કેવી રીતે ઉપયોગી છે?**

- પોઝીટીવ પે માં ચેક ઈસ્યુ કરનાર ગ્રાહકે તેણે લખેલ ચેકની વિગત જેવીકે ચેક નંબર, ચેક તારીખ, પેઈનું નામ, રકમ વગેરે વિગત બેંકને આપવી પડશે. બેંક આવી વિગતો ચેક કરી ઈસ્યુ થયેલ ચેક પાસ કરશે. કોઈ વખત છેતરપીંડી કરનાર વ્યકિત તેને પેમેન્ટ સ્વરૂપે આપેલ ચેકમાં રકમ / નામ માં ફેરફાર કરી શકે છે અને તે ચેક જો બેંકમાં પાસ થાય તો ચેક ઈસ્યુ કરનાર વ્યકિતનું હિત જોખમાઈ શકે છે. આવી છેતર પીંડી અટકાવવા આ સીસ્ટમ અમલમાં આવી છે.

**૧૦૫. Positive Pay સીસ્ટમમાં ચેકની વિગત કેવી રીતે દાખલ કરવી?**

- પોઝીટીવ પે ચેકની વિગત દાખલ કરવા માટે બેંક નીચે મુજબનાં વિકલ્પો આપે છે.
- જો કસ્ટમર નેટ / મોબાઈલ બેંકીંગ સર્વીસનો ઉપયોગ કરતા હોય તો તેમા Positive Pay નો ઓપ્શન આપવામાં આવેલ છે તેની મદદથી કસ્ટમર ચેકની વિગતો આપી શકશે.
- બેંક સાથેના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી VARA PPS Account_No બેંકનાં મોબાઈલ નંબર **૯૧૩૩૫૭૪૦૦૦ / ૯૩૫૫૪૯૨૦૦** પર SMS કરવાથી બેંક કસ્ટમરનાં મોબાઈલ પર POSITIVE Pay ની વિગત માટેના ફોર્મની લીંક મોકલશે તે ઓનલાઈન ફોર્મમાં વિગત ભરી સબમીટ કરવાનું રહેશે.
- ખાતેદાર શાખાનો રૂબરૂ સંપર્ક કરી ચેકની વિગત આપી શકશે.

**વરાછાબેંક વિશે વધારે માહિતી મેળવવા**
**તથા વર્તમાન સમયમાં થતાં**
**CYBER FRAUD ને લગતી માહિતી જાણવા**
**અને CYBER FRAUD થી સતર્ક રહેવા**
**નીચે મુજબનાં Page ને Facebook માં**
**Like અને Follow કરો.**

**The Varachha Co-op. Bank Ltd., Surat**

**RBI Says**

**Gujarat Cyber Crime Cell**

**આપની સુરક્ષા, આપની સમજદારીમાં જ છે.**

# CYBER SECURITY TIPS

**૧. ટેકનોલોજીનો બેલેન્સ ઉપયોગ એટલે શું?**

**જવાબ :** ટેકનોલોજીની નિંદા કરવા કરતા કે તેના ઉપયોગથી ડરવા કરતા ટેકનોલોજીને આપણા વશમાં કરી તેનો સદુપયોગ કરતા રહીએ અને તેના દુરૂપયોગથી બચતા રહીએ એ ટેકનોલોજીનો બેલેન્સ ઉપયોગ કહેવાય.

**૨. આજે સ્માર્ટફોનની તાકાત શું છે? અને શું એ ફોન ખરેખર સુરક્ષિત છે?**

**જવાબ :** પહેલા એપોલો મિશન (ચંદ્રયાન)ની જે સ્પીડ હતી એના કરતા પણ આજના સ્માર્ટફોનની સ્પીડ વધારે છે. **કોઈપણ ફોન સંપૂર્ણ રીતે સુરક્ષિત નથી, એટલે સાવધાની રાખવી જરૂરી છે.** કેમ કે, કોઈ પણ ફોનમાં ગમે તેટલી સિક્યુરીટી હોય તોપણ ઈન્ટરનેટવાળો ફોન કયારેય પણ સંપૂર્ણ સુરક્ષિત હોતો નથી. **સ્માર્ટફાન ખરેખર સ્માર્ટ છે માટે આપણે એના કરતા પણ વધારે સ્માર્ટ રહેવું ખુબ જરૂરી છે.** માટે શકય હોય ત્યાં સુધી તેની ગંભીરતા ન જાણતા હોય તેવા ટીનેજર્સ, અશિક્ષિત કે અસાવધ લોકોને સ્માર્ટફોન ન આપવો અથવા સ્માર્ટફોન યુઝ કરવા વિશે ટ્રેનીંગ આપવી.

**૩. કેવો પાસવર્ડ સુરક્ષિત કહી શકાય ?**

**જવાબ :** શકય હોય ત્યાં સુધી પાસવર્ડ લાંબો રાખવો તથા પાસવર્ડમાં શબ્દની સાથોસાથ નંબર અને સ્પેશ્યલ શબ્દ (જેવા કે **@ # $ % & ^ * ! +** વગેરે) હોય તેને સુરક્ષિત પાસવર્ડ કહી શકાય.

સાવધાની : **બધા જ એકાઉન્ટના પાસવર્ડ સરખા ન રાખવા.** એક થી વધારે પાસવર્ડને સાચવવા માટે પાસવર્ડ મેનેજર સોફ્ટવેર અથવા એપ્લીકેશનનો યુઝ કરી શકાય.

**૪. શું તમારો ફોન ફેસ રીડીંગ લોક (ચહેરાથી લોક) અથવા ફીંગરપ્રિન્ટ લોકથી સુરક્ષિત છે?**

**જવાબ :** સંપુર્ણ સુરક્ષિત કહેવા કરતા વધારે સુરક્ષિત છે એમ કહી શકાય. જયારે ફોન ખોવાય જાય ત્યારે આ લોક ઘણો સુરક્ષિત સાબિત થાય છે.

**૫. શું ફેસબુક કે યુટ્યુબમાં જોવા મળતા બધા વિડિયો ૧૦૦% સાચા જ છે?**

**જવાબ :** ના, આજે કોઈ વિડિયોમાં કોઈ વ્યકિત બોલે છે પણ એ વિડિયોનો ઓડિયો બદલી એ વ્યકિતના હોઠના બદલાવ (લીપ્સીંગ) સાથે બીજો કોઈપણ ઓડિયો ગોઠવી શકાય છે. આ પ્રકારના સુધારાને 'ડીપ ફેક' કહેવાય છે. આથી સમાજમાં બે જુથની વચ્ચે તણાવની સમસ્યા ઉભી કરી શકાય છે.

**૬. સુરક્ષિત રહેવા માટે આપણે સ્માર્ટફોનનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ?**

**જવાબ :** (૧) સ્માર્ટફોનમાં સૌ પ્રથમ શકય હોય ત્યાં સુધી બિનજરૂરી કાંઈ પણ ઈન્સ્ટોલ ન કરવું. તથા સ્માર્ટફોન વિશે તથા તેમાંની બધી એપ્લીકેશનની મૂળભૂત માહિતી આપણી પાસે હોવી જોઈએ.

(૨) આપણો ફોન અવિશ્વાસુ કે અજાણ વ્યકિતને કયારેય પણ ન દેવો.

(૩) બહાર ગયા હોઈએ ત્યારે પબ્લીક ચાર્જીંગમાં નેટ શરૂ રાખીને કયારેય ફોન ચાર્જ કરવા ન મુકવો.

(૪) બેંકની વિગતો, પાસવર્ડ વગેરે મોબાઈલમાં સેવ કરીને ન રાખવા.

(૫) તદુપરાંત જે વ્યકિત આના નિષ્ણાંત હોય એમની પાસેથી ફોનનો ઉપયોગ કરતાં શીખવું જોઈએ.

**૭. ફોન ખોવાયો જાય કે ચોરી થઈ જાય તો પહેલા શું કરવું?**

**જવાબ :** સૌથી પહેલા **મોબાઈલમાં રહેલા બેન્કિંગ, ઈ-મેઈલ અને સોશિયલ મીડીયા એકાઉન્ટના પાસવર્ડ બહારથી બદલી નાખવા.** જો તમે "ફાઈન્ડ માય ડીવાઈસ" એપ્લીકેશન મોબાઈલમાં રાખી હોય તો ખોવાયેલ ફોન ગમે ત્યાંથી લોક કરી શકાય છે. જેથી ફોનના ડેટાનો દુરપયોગ અટકાવી શકાય છે.

**૮. SMS કે ઈ-મેઈલમાં કોઈ અજાણ્યા નંબરથી બેંકને લગતી લીંક આવે તો શું કરવું?**

**જવાબ :** આવા પ્રકારની કોઈપણ લીંકને કયારેય પણ ખોલવી જ નહિ અને લોગઈન પણ ન કરવું. અને આવા મેસેજ તરત ડીલીટ કરી નાખવા જેથી ભુલથી કોઈ દ્વારા લીંક ખુલી ન જાય.

**૯. ફોન એપ્લીકેશન દ્વારા લેવાતી વ્યકિત વિષેની માહિતી સુરક્ષિત છે કે નહિ?**

**જવાબ :** ના, અત્યાર સુધી કોઈ એવો કાયદો નથી કે એપ્લીકેશન દ્વારા વ્યકિતગત માહિતી શા માટે લેવાય રહિ છે. એ માહિતીનો ઉપયોગ માર્કેટીંગ કે બીજા ઉપયોગ માટે પણ થઈ શકે છે. એટલા માટે **મોબાઈલમાં શકય હોય તેટલી ઓછી એપ્લીકેશન રાખવી.**

**૧૦. વોટ્સએપના ઉપયોગ દરમ્યાન શું સાવધાની રાખવી?**

**જવાબ :** વોટ્સએપમાં કોઈ પણ પ્રકારની ગુપ્ત માહિતિ કે ફોટો-વિડિયો વગેરે શેર ન કરવા. કેમ કે આપણે મોકલેલ દરેક માહિતિ તેના સર્વરમાં કાયમી સ્ટોર થાય છે. કદાચ આપણે વોટ્સએપમાંથી ડિલીટ કરી નાખીએ તો પણ તેના સર્વરમાં તો એ રહે જ છે.

**૧૧. ફોનને વાઈરસથી કેમ બચાવી શકાય?**

**જવાબ :** તમારા ફોનમાં એન્ટીવાયરસ ૧૦૦% રાખો. અને અજાણી લીંક કે અજાણી એપ્લીકેશન પર કલીક જ ના કરવું.

**૧૨. ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અને બેન્કિંગ ડીટેલ્સને લગતા પ્રશ્ન આવે તો શું કરવું?**

**જવાબ :** આ પરિસ્થિતમાં કોઈ દિવસ ડેબીટ/ક્રેડીટ કાર્ડ નંબર અને બેન્કિંગ ડીટેઈલ્સની માહિતી કોઈ દિવસ કોઈને પણ આપવી નહિ (ફોન પર અજાણ્યાને તો ખાસ ન આપવી). ઉપરાંત જરૂર ન હોય તો ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેકશન બંધ કરાવી દેવું.

**૧૩. આપણને જયારે ખબર પડે કે આપણા બેન્કના ખાતામાંથી કાંઈ પૈસા કાઢવામાં આવ્યા છે અને આ પ્રક્રિયા આપણા દ્વારા નથી થઈ ત્યારે શું કરવું?**

**જવાબ :** RBI ની ગાઈડલાઈન મુજબ **૪૮ કલાકમાં બેંકમાં અને સાયબર સેલમાં અરજી/રીપોર્ટ કરવો** અથવા **www.cybercrime.gov.in** પર ફરીયાદ / અરજી કરી શકાય.

તાત્કાલિક ઉપાય માટે ૧૦૦/૧૧૨ પર ફોન કરી મદદ માંગી શકાય.

ગુજરાત સરકારે સાયબર ફ્રોડ માટે AASHVAST પ્રોજેકટ અંતર્ગત સાયબર ક્રાઈમ સેલની રચના કરેલ છે. જેનો ઈમેઈલ આઈડી **cc-cid@gujarat.gov.in** છે.

**૧૪. આપણે કોઈપણ પ્રકારની માહિતી કોઈને પણ આપી ન હોય છતાં અચાનક કોઈ SMS આવે ને બેંકના ખાતામાંથી પૈસા ઘટવા લાગે તો શું કરવું?**

**જવાબ :** આવું કાંઈ થાય તો તરત જ બેંકમાં જઈને માહિતી આપવી. કેમ કે, આ બાબતે બેંકની જવાબદારી બને છે. બેંક બંધ હોય તો ઈમરજન્સીમાં કસ્ટમર કેરમાં ફોન કરી ખાતાને તથા કાર્ડને ટેમ્પરરી બ્લોક કરાવવું.

**૧૫. OTP (વન ટાઈમ પાસવર્ડ) નંબર અને ડેબીટ કે ક્રેડીટ કાર્ડના નંબર કોઈને આપવા જોઈએ કે નહિ?**

**જવાબ :** ના, OTP નંબર અથવા આપણા ડેબીટ કે ક્રેડીટ કાર્ડના નંબર કોઈ દિવસ કોઈને પણ ન આપવા.

**૧૬. પબ્લિક વાઈ–ફાઈમાં પર્સનલ લોગ ઈન આઈડીથી લોગ ઈન કરવું જોઈએ કે નહીં?**

**જવાબ :** ના, કેમકે આ પ્રકારના વાઈ-ફાઈ સુરક્ષિત નથી. પબ્લિક વાઈ-ફાઈનો ઉપયોગ કરતી વખતે ઈન્ટરનેટ બેંકિંગ અને પર્સનલ એકાઉન્ટનો ઉપયોગ શક્ય હોય તો ન જ કરવો.

**૧૮. KYC (Know Your Customer બેંક કસ્ટમર પાસેથી વેરીફીકેશન માટે પર્સનલ આઈ–ડી લે) આપણું કરાવવું જોઈએ કે નહિ?**

**જવાબ :** KYC થી આપણે ડરવું જોઈએ નહીં બસ આપણે જેને આપીએ છીએ એ વ્યકિતનું વેરીફીકેશન કરી લેવું જોઈએ.

**૧૯. રીમોટ એકસેસ એપ્લીકેશન મોબાઈલમાં ઈન્સ્ટોલ કરવી હીતાવહ છે?**

**જવાબ :** અજાણ્ય ઈસમને તેનું એકસેસ આપવું હિતાવહ નથી તે તેનો ગેરઉપયોગ કરી તમને નુકસાન પહોંચાડી શકે છે. જેમ કે કસ્ટમર સપોર્ટ માટે, કાર્ડ અપડેટ / ઈનેબલ કરવા માટે, KYC અપટેડ કરવા માટે, રિફંડ કે ફંડ ટ્રાન્સફર કરવા માટે રિમોટ એકસેસ ટુલ્સ મોબાઈલ એપ્લીકેશન જેમ કે, એનીડેસ્ક (Anydesk), ટીમ વ્યુઅર (Team Viewer), કવીક સ્પોર્ટ (Quick Support), જોઈન મી (Join me) વગેરે જેવી એપ્લીકેશનનો જો ફ્રોડ વ્યકિતને એકસેસ અપાશે તો તે તમારા મોબાઈલનો સંપૂર્ણ નિયંત્રણ મેળવી ફ્રોડ વ્યવહારો કરી નુકશાન પહોચાડી શકે છે.

# ● મહત્ત્વના મુદ્દાઓ ●

- ક્યારેય કોઈ અજાણ્યા નંબર પરથી અધિકારીના કોલ આવે કે, ડેબીટ કે ક્રેડીટ કાર્ડમાં ઓફરો ચાલે છે, 'મફતમાં કાર્ડ મળે છે' અથવા 'તમારું કાર્ડ બ્લોક થઈ ગયું છે' વગેરે કરીને આપણી પાસે કાર્ડની વિગતો, બેંકની વિગતો, OTP, આધારકાર્ડ નંબર વગેરે માગે તો ક્યારેય ન આપવો. એમ કહેવું કે, અમે રૂબરૂ બેંકમાં જઈને મળી લઈશું.
- કોઈ વ્યક્તિ તમને ફોન કરી કહે કે 'હું જીઓ/વોડાફોન/એરટેલ/આઈડિયા કસ્ટમર કેરમાંથી બોલું છું. તમારા મોબાઈલમાં નેટવર્કનો પ્રોબ્લેમ છે. પ્લીઝ ૧ દબાવો તો આ પ્રોબ્લેમ સોલ્વ થઈ જશે.' જો તમે ૧ દબાવશો તો તરત જ નેટવર્ક ૦ (ઝીરો) થઈ તમારો ફોન હેક થઈ જશે અને તરત જ તેઓ તમારું એકાઉન્ટ ખાલી કરી નાંખશે અને તમને બેંકમાંથી કોઈ મેસેજ કે માહિતી પણ નહિં મળે. આવા ફ્રોડથી બચવા અજાણી વ્યક્તિઓ સાથે લાંબી વાત કરવી નહીં. નેટવર્કનો પ્રોબ્લેમ ૦ કે ૧ દબાવવાથી સોલ્વ થતો નથી. માટે તેમાં ફસાવું નહીં.
- કોઈપણ બેંક કે કંપની પોતાના કસ્ટમરનું એકાઉન્ટ ઈમરજન્સીમાં બંધ કરતી નથી, એટલે એકાઉન્ટ બંધ થઈ જવાના ડરથી કોઈ પ્રકારની માહિતી અજાણ્યા વ્યક્તિને ક્યારેય આપવી જ નહીં. ખાતરી કરવા માટે બેંકની રૂબરૂ મુલાકાત લેવી એ જ સૌથી વધુ હિતાવહ છે. આધારકાર્ડ, પાનકાર્ડ વગેરે બેંકમાં લિંક કરાવવાના થાય તો રૂબરૂ જઈને જ લિંક કરાવવા. કોઈના ફોન આવે તો વિગતો ન આપવી.
- કોઈ ફોન આવે કે ભૂલથી તમારા ખાતામાં ૧૦૦ રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા છે અથવા મારી નોકરીના અરજીના ફોર્મમાં ભુલથી તમારો નંબર લખાઈ ગયો છે. હવે ફોન કરનાર વ્યક્તિ તમને રૂપિયા પરત કરવા કે નંબર ચેન્જ કરવા માટે તમારા મોબાઈલમાં આવેલ OTP માંગે તો OTP આપવો નહીં.
- સોશિયલ મીડિયા પર પ્રજાસત્તાક દિન, જન્મદિન, નવા વર્ષની શુભેચ્છા વગેરે માટે આવેલા સંદેશાઓને અનલોક કરવા માટે તમારા અંગુઠાને મોબાઈલ સ્ક્રીન પર મૂકવા કહે તો 'તમારો અંગૂઠો ક્યાંય મૂકશો નહીં.'

- OLX જેવી ઓનલાઈલ લે-વેચ કરતી કંપનીઓ સાથે વ્યવહાર કરતી વખતે તો ખાસ સાવચેત રહેવું. કેમ કે, સાવધાની ન રાખીએ તો એવામાં છેતરપીંડી કરીને આપણા પૈસા પડાવી લેવાના ઘણા કિસ્સાઓ બનેલ છે. અજાણી વેબસાઈટ કે એપ. માંથી ક્યારેય લે-વેચ કરવી નહીં.
- ATM માંથી પૈસા ઉપાડતી વખતે પણ ખાસ સાવધાની રાખવી. જેવી કે, આપણી આજુબાજમાં કોઈ હોય તો આપણો પીન નંબર ખાનગી રીતે નાખવો. આપણને પૈસા ઉપાડતા ન આવડતું હોય તો કોઈ વિશ્વાસુને સાથે લઈ જવો. પરંતુ ત્યાં ATM માં કોઈ હાજર હોય તેને કાર્ડ આપીને શીખવાડવાનું ન કહેવું.
- આપણો બગડેલ મોબાઈલ કોઈને રીપેર કરવા આપવાનો થાય તો પણ આપણા જાણીતા વિશ્વાસુને જ આપવો. કેમ કે, એમાંથી ડેટા રીકવર કરીને આપણો ડેટા ચોરી કરી શકે છે. અથવા મોબાઈલના ઓરિજનલ પાર્ટ્સ પણ બદલી શકે છે.
- Google Pay, Phone Pay, PayTm વગેરે UPI એપનો ઉપયોગ કરતી વખતે પણ ખાસ સાવધાની રાખવી. જેમાં Pay અને Collect / Request બંને ઓપ્શન આવે છે. કોઈએ આપણને પૈસા મોકલવા હોય તો આપણે કાંઈ જ કરવાનું રહેતું નથી. પણ પૈસા મોકલવાના બહાને એ પૈસાની Request મોકલે અને આપણે જોયા વગર Accept / Approve કરીએ અને UPI PIN નાખીએ તો પૈસા આવવાને બદલે આપણા પૈસા જતા રહે છે.
- **Juice Jacking :** આ પ્રકારની છેતરપીંડીમાં જાહેરમાં ચાર્જીંગ માટે મુકવામાં આવેલ USB Port નો ઉપયોગ થાય છે. છેતરપીંડી કરનારા એ જ USB Port નો ઉપયોગ તમે ચાર્જ કરવા મુકેલ મોબાઈલ, ટેબલેટ કે લેપટોપનાં ડેટા ચોરવા માટે કરે છે. આ પ્રકારની છેતરપીંડીથી બચવા, જાહેરમાં મુકવામાં આવેલ USB Port માં ચાર્જ કરતાં પહેલાં (૧) તમારા ફોનમાં Data Transfer ને Disable કરો. (૨) તમારા મોબાઈલને સ્વીચ ઓફ કરી દો. (૩) શક્ય હોય તો પાવર બેન્ક સાથે રાખો અને હવે તો બજારમાં Data Disabled Charging Cable પણ મળે છે.

## તમારા રજીસ્ટર્ડ મોબાઈલ પરથી બેંકનાં SMS મોબાઈલ નંબર

## 93554 92200 અથવા 91335 74000

## પર નીચે મુજબનાં SMS કરો

**બેલેન્સ ઈન્કવાયરી કરવા માટે**

**VARA 1**

---

**VARA 1**

**ATM Card બ્લોક કરવા માટે**

**VARA LOST A/C Number**

---

**VARA LOST 00110120012345**

**મોબાઈલ બેંકિંગ માટે નવો મોબાઈલ અપડેટ માટે જુના નંબર પરથી SMS કરવો**

**VARA UPDATE CUST.ID. NEW_MOBILE_NUMBER**




**મોબાઈલ બેંકિંગ માટે નવો મોબાઈલ કે ફોર્મેટ કરેલ મોબાઈલમાં મોબાઈલ બેંકિંગ ચાલુ કરવા**

**VARA RESET CUST.ID.**

**મોબાઈલ બેંકિંગમાં પોઝીટીવ પે નાં ઓપશન વડે ચેકની માહિતી મેળવી શકાશે.**

**VARA PPS A/C NO.**

**Debit Card માં ECOM સેવા ચાલુ કરવા માટે રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી SMS કરવો.**

**VARA CARD A/C. NO. ECOM ON**

## સાયબર ફ્રોડ થાય તો શું કરવું?

RBI ની ગાઈડલાઈન મુજબ **૪૮ કલાકમાં બેંકમાં અને સાયબર સેલમાં અરજી/રીપોર્ટ કરવો** અથવા **www.cybercrime.gov.in** પર ફરીયાદ / અરજી કરી શકાય. તાત્કાલિક ઉપાય માટે ૧૦૦/૧૧૨ પર ફોન કરી મદદ માંગી શકાય. ગુજરાત સરકારે સાયબર ફ્રોડ માટે AASHVAST પ્રોજેક્ટ અંતર્ગત સાયબર ક્રાઈમ સેલની રચના કરેલ છે. જેનો ઈમેઈલ આઈડી **cc-cid@gujarat.gov.in** છે.

**તમારા ખાતાનું બેલેન્સ ચેક કરવા મીસ્ડ કોલ કરો.**

**0261 - 4008080**

**કોઈપણ ટેકનીકલ મુશ્કેલી માટે ટોલ ફ્રી નંબર પર કોલ કરો.**

**1800 258 7750**

**(સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી)**

LIPI-0261 2563656